## વડોદરા મહાનગર પાલિકા

www.vmc.gov.in

### જાહેર વિજ્ઞપ્તિ

### "વડોદરા મહાનગર પાલિકાને ખુલ્લામાં થતી શૌચક્રિયામાંથી મુકત (ODF+)જાહેર કરવા બાબત"

### વાંધા/સુચનો મંગાવવા બાબત.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરને સ્વચ્છ બનાવવા વડોદરા શહેરના તમામ નાગરીકો કટીબધ્ધ છે અને આપના સક્રિય સહયોગથી વડોદરા શહેર સ્વચ્છ થયેલ છે. સ્વચ્છતા સ્પર્ધામાં પણ શહેરનાં તમામ નાગરીકોએ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ છે. શહેરની સ્વચ્છતા તેમજ આરોગ્ય વિષયક બાબત ધ્યાને લેતાં,સમગ્ર શહેરને "ખુલ્લામાં શૌચની મુક્ત"(ODF+)જાહેર કરવાનુ આયોજન છે.

આ સંબંધે વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં કૂલ ૨૦૫૫૫- વ્યક્તિગત શૌચાલયો બનાવેલા છે. તથા કૂલ ૦૫ કોમ્યુનિટી ટોઇલેટ તથા ૭૦ પે એન્ડ યુઝ ટોઇલેટ પણ બનાવવામાં આવેલા છે. ભારત સરકાર દ્વારા નિયુક્ત Q.C.I. દ્વારા વડોદરા શહેરને "ખુલ્લામાં શૌચની ક્રિયાથી મુક્ત" (ODF) જાહેર કરવામાં આવેલ છે. આ સુવિધાથી વંચિત/આ સુવિધાનો ઉપયોગ નહીં કરતા નાગરિકો માટે મહાનગરપાલિકા દ્વારા વિવિધ જનજાગૃતિ પ્રવૃતિ (IEC Activity) કરવામાં આવે છે. જેમાં હોર્ડીંગ/ બેનર/ પેમ્પ્લેટ/ વોલ પેન્ટીંગ/ બોર્ડ/ સ્ટીકર/ પપેટ શો/ સ્પર્ધા/ નાટકો જેવી કાર્યવાહી પણ કરવામાં આવે છે. આ થયેલ સુવિધા તેમજ કાર્યવાહીને ધ્યાને લેતાં, આગામી દિવસોમાં સમગ્ર શહેરને "ખુલ્લામાં શૌચની ક્રિયાથી મુક્ત"(ODF+)જાહેર કરવાનું આયોજન છે. આ અંગે જે પણ નાગરીકો વાંધા-સૂચન આપવા માંગતા હોય તેઓએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી વધુમાં વધુ દિન-૧૫(પંદર) માં "મ્યુનિસિપલ સેક્રેટરીશ્રીની કચેરી, મહાનગર પાલિકા, વડોદરા" ના સરનામે રજુ કરવાના રહેશે. ખુલ્લામાં શૌચની ક્રિયા જાહેર આરોગ્ય ને નુકશાન કરતી હોઇ તે અંગે પેનલ્ટી પણ થઇ શકે છે. તેથી આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઇ સમગ્ર શહેરને "ખુલ્લામાં શૌચની ક્રિયાથી મુક્ત"(*ODF+*) જાહેર કરવા સહકાર આપવા વિનંતી છે તેમજ આ અંગે આપના રચનાત્મક સુચનો મોકલી આપવા વિનંતી છે.

P.R.O No. 534/2018-19 મ્યુનિસિપલ કમિશનર